RIGHT TO INFORMATION

અપીલ અરજી આઈ.ડી. નં. ૦૧

તા.૨૯/૦૫/૨૦૧૮

**અરજદાર:–** ડો. બ્રિજેશકુમાર સાપરીયા

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૧, તા.૧૩/૦૪/૧૮.**

**સંદર્ભ :–** **(૧)** આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં.૨૪૬, તા.૦૫/૦૨/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી.

**(૨)** સ્મીમેર/આર.ટી.આઈ./૪૫૯૦, તા.૦૮/૦૨/૨૦૧૮ થી સુ.મ.પાનાં લાગત વિભાગોમાં કરેલ આંશિક તબદીલી.

**(૩)** સ્મીમેર/આર.ટી.આઈ./૪૯૬૫, તા.૨૩/૦૨/૨૦૧૮ થી નકલ ફી ભરવાનો પત્ર.

**(૪)** સ્મીમેર/ઈન/નં.૧૧૦૭૨, તા.૨૬/૦૨/૨૦૧૮ થી અરજદારનો નકલ ફી ભર્યા અને નકલો મોકલવા બાબતેનો પત્ર.

**(૫)** સ્મીમેર/આરટીઆઈ/૫૦૫૦, તા.૨૮/૦૨/૨૦૧૮ થી અરજદારને માહિતી પુરી પાડ્યાનો પત્ર.

**(૬)** સ્મીમેર/ઈન/નં.૧૧૬૪૯, તા.૧૫/૦૩/૨૦૧૮ થી અરજદારનો પત્ર.

**(૭)** અરજદારે સ્મીમેર/ઈન/નં.૩૯૮, તા.૧૩/૦૪/૨૦૧૮ થી કરેલ પ્રથમ અપીલ.

**(૮)** સ્મીમેર/આરટીઆઈ/૨૬૭, તા.૧૯/૦૪/૨૦૧૮ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

**(૯)** સ્મીમેર/ઈન/નં.૫૬૯, તા.૨૩/૦૪/૨૦૧૮ થી અરજદારનો પત્ર.

**(૧૦)** સ્મીમેર/આરટીઆઈ/૪૭૫, તા.૦૫/૦૫/૨૦૧૮ થી અરજદારને પુનઃ ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

**(૧૧)** સ્મીમેર/૮૨૦, તા.૨૩/૦૫/૨૦૧૮ થી અરજદારને પુનઃ ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

**(૧૨)** પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**ફરીયાદીની હકીકત :–**

અરજદારશ્રી ડો.બ્રિજેશકુમાર સાપરીયાએ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભે સામાવાળાએ સંદર્ભ–(૨) થી (૪) અન્વયેની કાર્યવાહી કરી સંદર્ભ–(૫) થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. જે અનુસંધાને અરજદારને અસંતોષ થતા સંદર્ભ–(૭) થી અત્રેની કચેરીએ પ્રથમ અપીલ કરેલ છે.

પ્રથમ અપીલ અન્વયે અરજદારને સંદર્ભ–(૮) થી સુનાવણીમાં ઉપસ્થિત થવા બાબતેનો પત્ર પાઠવેલ. જે અનુસંધાને અરજદારશ્રીએ સંદર્ભ–(૯) નાં પત્રમાં જણાવ્યા મુજબની અન્ય તારીખે સુનાવણી મુકરર કરવાની રજુઆત કરેલ, પરંતુ અત્રેની કચેરીમાં તા.૨૪/૦૪/૨૦૧૮ થી તા.૨૯/૦૪/૨૦૧૮ સુધી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાનું રેકગ્નાઈઝડ ઈન્સ્પેકશન હોવાથી અને અરજદારશ્રી અત્રે મેડીકલ કોલેજમાં ટીચીંગ સ્ટાફની ફરજ બજાવતા હોય, તેઓને ઉનાળુ વેકેશન આપવામાં આવતા, તેઓ તા.૨૭/૦૪/૧૮ થી તા.૨૧/૦૫/૧૮ દરમ્યાન ઉનાળુ વેકેશન ઉપર હતા. જેથી સદર હકીકતે પ્રથમ અપીલની સુનાવણી થઈ હુકમ નિર્ધારીત સમયમાં થઈ શકેલ નથી. જેથી પ્રથમ અપીલની સુનાવણી ત્યારબાદ સંદર્ભ– (૧૦) અને (૧૧) અન્વયે મુકરર થયેલ અને તે સંદર્ભેની કાર્યવાહી બાદ આજરોજ હુકમ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત રેકર્ડ પરની સ્થિતિ મુજબ, અરજદારે માહિતી અધુરી આપેલ હોવાની અને સંદર્ભ–(૧૨) થી પ્રથમ અપીલનું નોંધેલ રોજકામમાં જણાવેલ રજુઆત ધ્યાને લીધી.

સામાવાળાએ અરજદારની સદર રજુઆતોનો સંદર્ભ–(૧૨) માં નોંધેલ રજુઆતો ધ્યાને લીધી.

ઉકત રજુઆતો અને રેકર્ડ પરની હકીકતો અવલોકને લેતા અરજદારની પ્રથમ અપીલ, અપીલ દાખલ કરવા માટેનાં જરૂરી સમયગાળા દરમ્યાન થયેલી ન હોવાનું જણાય છે. તેમછતાં માહિતી અધિકાર અધિનિયમનો હેતુ અને અરજદારની રજુઆતો અન્વયે અપીલનો હકારાત્મક નિકાલ કરવાનું ઉચિત જણાય છે.

જેથી નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ નં. ૦૧ નો આથી નિકાલ કરવાનો રહે છે.

(૨)....

<u>**હુકમ**</u>

અરજદારશ્રીની તા.૧૩/૦૪/૨૦૧૮ નાં રોજની પ્રથમ અપીલ અરજી આથી મંજુર કરી, તેઓને પૂરી પાડવા જોગ રેકર્ડ પરની ઉપલબ્ધ માહિતી વિનામૂલ્યે દિન–૦૩ માં પૂરી પાડવાનો સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

નં. સ્મીમેર/આઉટ નં.
તા. /૦૫/૨૦૧૮

..............................
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

અપીલ અરજી આઈ.ડી. નં. ૦૩

તા.૦૪/૦૯/૨૦૧૮

**અરજદાર:–** ડો. બંસી રોહિત સરન

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૩, તા.૦૯/૦૮/૨૦૧૮.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં.૦૮, તા.૧૫/૦૬/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી.

(૨) સામાવાળાએ સુ.મ.પા.નાં અન્ય વિભાગમાં કરેલ આંશિક તબદીલીનો પત્ર નં.સ્મીમેર/આરટીઆઈ/આઉટ નં.૧૨૨૮, તા.૨૬/૦૬/૨૦૧૮

(૩) સામાવાળાએ અરજદારને નં.સ્મીમેર/આરટીઆઈ/આઉટ નં.૧૬૪૦, તા.૧૯/૦૭/૨૦૧૮ થી પાઠવેલ જવાબ.

(૪) અરજદારે સ્મીમેર/ઈન/નં.૪૪૪૪, તા.૦૯/૦૮/૨૦૧૮ થી કરેલ પ્રથમ અપીલ.

(૫) સ્મીમેર/૨૪૦૫, તા.૨૭/૦૮/૨૦૧૮ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

(૬) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**<u>અરજદારની હકીકત :–</u>**

અરજદારશ્રી ડો.બંસી રોહિત સરને સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી સ્મીમેર હોસ્પિટલથી આંશિક તબદીલી થઈને અત્રે પ્રાપ્ત થતા, સામાવાળાએ માંગેલ માહિતીનાં અનુસંધાને સામાવાળાએ લાગત માહિતી પૈકી આંશિક તબદીલી સુ.મ.પા.નાં અન્ય વિભાગમાં સંદર્ભ–(૨) થી કરવામાં આવેલ.

સદર અરજીમાં અરજદારે માંગેલ માહિતીઓ ધ્યાને લેતા, સામાવાળાએ સંદર્ભ–(૩) થી જવાબ/માહિતી પૂરી પાડેલ છે. જે જવાબ/માહિતી બાબતે અરજદારશ્રીને અસંતોષ થતા સંદર્ભ–(૪) થી અત્રે પ્રથમ અપીલ અરજી કરેલ છે.

સદર પ્રથમ અપીલ અરજી અન્વયે અરજદારને સંદર્ભ–(૫) થી પ્રથમ અપીલની સુનાવણીમાં ઉપસ્થિત થવા પત્ર પાઠવતા, મુકરર દિને પ્રથમ અપીલની અરજદાર અને સામાવાળાની ઉપસ્થિતમાં સુનાવણી કરવામાં આવેલ છે.

મજકુર સુનાવણીમાં અરજદારની મૌખિક રજુઆતો મુજબ તેઓને માંગેલ માહિતી પૈકી અરજીનાં મુદ્દા નં. ૩(૧) અન્વયેની માહિતી પુરી પાડવાની સ્પષ્ટતા કરેલ છે, મુદ્દા નં. ૩(૨) અન્વયેની માહિતી આર.ટી.આઈ.કાયદામાં જણાવ્યાનુસાર કઈ કલમ હેઠળ નકારવામાં આવેલ છે તે માટેની રજુઆત કરેલ છે તથા અરજીનાં મુદ્દા નં. ૩(૩) ની માહિતી રેકર્ડ પર જો ઉપલબ્ધ હોય તો તે માટે પણ માહિતી આપવા રજુઆત કરેલ છે. જે બાબતે તેઓની રજુઆત રોજકામમાં પણ નોંધવામાં આવેલ છે.

જે સંદર્ભે સામાવાળાએ રજુઆત કરેલ છે કે, ઉકત અરજદારની રજુઆતનાં મુજબ માંગેલ માહિતીનાં મુદ્દા નં. ૩(૧) ની સ્પષ્ટતા થયેલ છે, જે અત્રેની કચેરીનાં રેકર્ડ પર ઉપલબ્ધ થયેથી પુરી પાડવાની રહે છે, જયારે મુદ્દા નં. ૩(૨) ની માહિતી બાબતે આર.ટી.આઈ.કાયદાની કઈ કલમ હેઠળ માહિતી નકારવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરવાની રહે છે તેમજ મુદ્દા નં. ૩(૩) બાબતે અત્રેનાં કચેરીનાં રેકર્ડ પર ઉપલબ્ધ થાય તેમ હોય, તો તે ઉપલબ્ધ થયેથી પુરી પાડવાની રજુઆત કરેલ છે. જે બાબતેની રજુઆત રોજકામમાં નોંધાવામાં આવેલ છે.

(૨)....

જેથી નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ નં. ૦૩/૨૦૧૮ નો આથી નિકાલ કરવાનો રહે છે.

## હુકમ

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૩/૨૦૧૮) માં જણાવેલ મુદ્દાઓ નં. ૩(૧) થી ૩(૩) સંદર્ભે,...

(૧) અરજીનાં મુદ્દા નં.૩(૧) બાબતે સામાવાળાએ કોલેજનાં લાગત/સંબંધિત વિભાગ પાસેથી માહિતી મેળવવાની કાર્યવાહી કરી, કચેરી રેકર્ડ પર ઉપલબ્ધ થયેથી અરજદારને માહિતી પૂરી પાડવી, જે માટે આ હુકમ જાહેર થયાનાં દિન–૨૦ માં તમામ કાર્યવાહીઓ પૂર્ણ કરવી અને જો કોઈ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય, તો તે બાબતેની જાણ અરજદારશ્રીને કરવી.

(૨) અરજીનાં મુદ્દા નં.૩(૨) બાબતેની કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોવાનું જણાવી સામાવાળાએ અરજદારને માહિતી આપેલ નથી. હાલનાં તબકકે અરજદારે માંગેલ માહિતી ત્રાહિત વ્યકિતની લાગત માહિતી છે, જે સંબંધે માહિતી અધિકાર કાયદાની કલમ–૧૧ ધ્યાને લેતા, મજકુર માંગેલ માહિતી માટે માહિતી અધિકાર અધિનિયમની કલમ–૧૧ આધારિત કાર્યવાહી કરીને માંગેલ માહિતી અરજદારને પૂરી પાડવાનું યોગ્ય જણાય છે. જેથી સામાવાળાએ માહિતી અધિકાર અધિનિયમની કલમ–૧૧ હેઠળ અન્ય વ્યકિત જોગ માહિતી માટેની કાર્યવાહી કર્યા બાદ તે લાગત માહિતી અરજદારને પૂરી પાડવાની રહેશે.

(૩) અરજીનાં મુદ્દા નં.૩(૩) બાબતે અત્રેનાં રેકર્ડ ચકાસણી કર્યા બાદ ઉપલબ્ધ થયેથી પુરી પાડવાની રહે છે.

આમ, ઉપરોકત નિર્દેશોને આધારે સદર અપીલનો નિકાલ કરવામાં આવે છે.

નં. સ્મીમેર/આઉટ નં.
તા. /૦૯/૨૦૧૮

..............................
ઈ.ચા.પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

અપીલ અરજી આઈ.ડી. નં. ૦૪

તા.૩૦/૦૮/૨૦૧૮

**અરજદાર:–** ડો. બંસી રોહિત સરન

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :– પ્રથમ અપીલ નં.૦૪, તા.૦૯/૦૮/૨૦૧૮.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં.૦૯, તા.૧૫/૦૬/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી.

(૨) અરજદારે સ્મીમેર/ઈન/નં.૪૪૪૫, તા.૦૯/૦૮/૨૦૧૮ થી કરેલ પ્રથમ અપીલ.

(૩) સ્મીમેર/૨૨૧૬, તા.૧૮/૦૮/૨૦૧૮ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

(૪) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**અરજદારની હકીકત :–**

અરજદારશ્રી ડો.બંસી રોહિત સરને સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી સ્મીમેર હોસ્પિટલથી આંશિક તબદીલી થઈને અત્રે પ્રાપ્ત થતા, સામાવાળાએ માંગેલ માહિતીનાં અનુસંધાને અત્રેનાં જુદા–જુદા વિભાગોમાંથી માહિતીઓ એકત્રિત કરવા માટે લાગત વિભાગો પાસેથી સદર માહિતીઓ તાકીદે મેળવવા નોંધ/યાદપત્ર પાઠવેલ.

અરજદારે માંગેલ માહિતીઓ ધ્યાને લેતા, સદર લાગત વિભાગો પાસેથી માહિતીઓ એકત્રિત થતા માહિતી પૂરી પાડવાની સમયાવધિ સમાપ્ત થઈ જતા, અરજદારે માંગેલ માહિતી ન મળવાના કારણે અત્રે પ્રથમ અપીલ કરેલ છે.

જે સંદર્ભ–(૨) થી અત્રે પ્રાપ્ત થયેલ. જે અન્વયે અરજદારને સંદર્ભ–(૩) થી પ્રથમ અપીલની સુનાવણીમાં ઉપસ્થિત થવા પત્ર પાઠવતા, મુકરર દિને પ્રથમ અપીલની અરજદાર અને સામાવાળાની ઉપસ્થિતમાં સુનાવણી કરવામાં આવેલ છે.

મજકુર સુનાવણીમાં અરજદારની મૌખિક રજુઆતો મુજબ તેઓને માંગેલ માહિતી યોગ્ય સમયમાં પૂરી પાડેલ ન હોય, તેઓએ પ્રથમ અપીલ કરેલ છે, જેથી માંગેલ માહિતી પૂરી પાડવા વિનંતી કરેલ તથા તે બાબતે તેઓની રજુઆત રોજકામમાં પણ નોંધવામાં આવેલ છે.

જે સંદર્ભે સામાવાળાએ રજુઆત કરેલ છે કે, અરજદારની માહિતી માંગતી અરજી સ્મીમેર હોસ્પિટલમાંથી આંશિક સ્વરૂપે તબદીલ થતા, અત્રેનાં લાગત વિભાગો પાસેથી માહિતી એકત્રિત કરવા સબબે વિલંબ થયેલ હોવાનું જણાવેલ છે તેમજ લાગત માહિતીઓ એકત્રિત થતા જ, અરજદારની પ્રથમ અપીલ થયેલ છે. જેથી લાગત માહિતીઓ પૂરી પાડવાની રહે છે. જે બાબતેની રજુઆત રોજકામમાં નોંધાવામાં આવેલ છે.

ઉકત હકીકતોનાં આધારે, અરજદારે માંગેલ માહિતીમાં મુદ્દા નં. ૧ થી ૨૧ મુજબની માહિતીઓ પૈકીની અત્રેની કચેરીની લાગત માહિતી અરજદારને પૂરી પાડવાની રહે છે.

જેથી નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ નં. ૦૪/૨૦૧૮ નો આથી નિકાલ કરવાનો રહે છે.

(૨)....

**હુકમ**

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૪/૨૦૧૮) આથી મંજુર કરી, તેઓને પૂરી પાડવા જોગ રેકર્ડ પરની ઉપલબ્ધ માહિતી વિનામૂલ્યે દિન–૦૩ માં પૂરી પાડવાનો સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

નં. સ્મીમેર/આઉટ નં.
તા.    /૦૮/૨૦૧૮

...............................
ઈ.ચા.પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

અપીલ અરજી આઈ.ડી. નં. ૦૫

તા.૦૪/૧૦/૨૦૧૮

**<u>અરજદાર:–</u>** શ્રી પીકલ પી. ઘીવાળા

**<u>સામાવાળા:–</u>** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૫, તા.૧૩/૦૮/૨૦૧૮.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં.૭૪, તા.૨૯/૦૬/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી.
(૨) અરજદારે સ્મીમેર/ઈન/નં.૪૪૪૪, તા.૦૯/૦૮/૨૦૧૮ થી કરેલ પ્રથમ અપીલ.
(૩) સ્મીમેર/૨૬૫૮, તા.૧૦/૦૯/૨૦૧૮ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૪) સ્મીમેર/૨૯૪૨, તા.૨૦/૦૯/૨૦૧૮ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૫) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**<u>અરજદારની હકીકત :–</u>**

અરજદારશ્રી પીકલ પી. ઘીવાળાએ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી જા.મા.અ. અને સંકલન/આસી.લો ઓફિસર, વેસ્ટ ઝોન, સુ.મ.પા.થી સંપૂર્ણ/આંશિક તબદીલી થઈને અત્રે સ્મીમેર/ઈન/નં.૪૯૮૯, તા.૨૯/૦૮/૧૮ થી મળેલ છે તથા સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલ પ્રાપ્ત થયેલ છે.

સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલની અરજદારશ્રી રૂબરૂની મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ–(૩) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી મુકરર દિને રૂબરૂ સુનાવણીમાં ઉપસ્થિત ન રહેતા, સંદર્ભ–(૪) થી પુનઃપત્ર પાઠવી તેઓને મકુરર દિને ઉપસ્થિત રહેવા યાદપત્ર પાઠવવામાં આવેલ. તેમછતાં અરજદારશ્રી મુકરર દિને રૂબરૂ ઉપસ્થિત રહેલા નથી. જે અંગેનું રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે અને તેઓની ગેરહાજરી નોંધવામાં આવેલ છે.

આ બાબતે સામાવાળાએ રોજકામમાં નોંધેલ રજુઆતો ધ્યાને લીધેલ છે તથા રજુ રેકર્ડ પણ ધ્યાને લીધેલ છે. અરજદારશ્રીની મૂળ માહિતી માંગતી અરજી તા.૨૯/૦૬/૧૮ નાં રોજ વેસ્ટઝોનમાં આઈ.ડી.નં.૩૨૯, તા.૦૭/૦૭/૧૮ થી નોંધાયેલ છે. જે અરજીની વેસ્ટઝોન દ્વારા જે–તે ખાતાઓમાં તબદીલી તેઓનાં પત્ર નં. વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૧૮ નાં રોજથી કરવામાં આવેલ છે. જે જોતાં વેસ્ટ ઝોનથી માહિતી માંગતી અરજીની તબદીલી ઘણી વિલંબીત કરવામાં આવેલ છે. તેમજ માંગેલ માહિતી ઘણા મોટા પ્રમાણમાં અને છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ચા–પાણીનાં ખર્ચા બાબતેની માહિતી માંગવામાં આવેલ છે. જે તમામ હકીકતોએ માહિતી યોગ્ય સમયમાં પૂરી પાડી શકાય તે શકય બનેલ નથી. જેથી અરજદારશ્રીની ઉપલા નંબરની પ્રથમ અપીલ ધ્યાને લેતા, અરજદારશ્રીને સુનાવણી અર્થે રૂબરૂમાં ઉપપસ્થિત થવા પત્ર તેમજ યાદપત્ર પાઠવવામાં આવેલ છે. તેમછતાં અરજદારશ્રી સુનાવણી સંબંધે રૂબરૂમાં ઉપસ્થિત થયા ન હોય અને તે બાબતે કોઈ રજુઆત થયેલ ન હોય, જેથી અરજદારશ્રીની ગેરહાજરી સબબે અપીલ ચલાવવાપાત્ર જણાતી નથી. પરંતુ માંગેલ માહિતી અરજદારશ્રીને ઉકત હકીકતે પૂરી પાડવાનું ઉચિત જણાય છે. આથી પ્રથમ અપીલનો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

(૨).....

**<u>હુકમ</u>**

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૫/૨૦૧૮) મંજૂર કરવામાં આવે છે, માંગેલ માહિતી અન્વયે પૂરી પાડવા જોગ રેકર્ડ પરની માહિતી વિનામૂલ્યે દિન–૧૫ માં અરજદારને પૂરી પાડવાનો સામાવાળાને હુકમ કરવામાં આવે છે

નં. સ્મીમેર/આઉટ નં.
તા. /૧૦/૨૦૧૮

..............................
ઈ.ચા.પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રથમ અપીલ અરજી નં. ૦૬

તા.૦૨/૦૨/૨૦૧૯

**અરજદાર:–** શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૬, તા.૦૨/૦૨/૨૦૧૯.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૨૧૭૧, તા.૧૨/૧૨/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી. (સ્મીમેર/આઈ.ડી.નં.૯૩, તા.૧૫/૧૨/૨૦૧૮)

(૨) અરજદારે સ્મીમેર/ઈન/નં.૧૦૧૨૧, તા.૦૨/૦૨/૨૦૧૯ થી કરેલ પ્રથમ અપીલ.

(૩) સ્મીમેર/૫૪૫૦, તા.૨૦/૦૨/૧૯ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

(૪) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**અરજદારની હકીકત :–**

અરજદારશ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ) સુ.મ.પા.થી સંપૂર્ણ તબદીલી થઈને અત્રે સ્મીમેર/ઈન/નં.૮૪૬૯, તા.૧૫/૧૨/૧૮ થી મળેલ છે તથા સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલ પ્રાપ્ત થયેલ છે.

સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલની અરજદારશ્રી રૂબરૂની મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૩) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની મૂળ માહિતી માંગતી અરજી તા.૧૨/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર ખાતે આઈ.ડી.નં.૨૧૭૧, તા.૧૨/૧૨/૧૮ થી નોંધાયેલ છે. જે અરજી રીક્રુટમેન્ટ વિભાગ દ્વારા તેઓનાં પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૬૮૨, તા.૧૫/૧૨/૧૮ નાં રોજથી તબદીલ કરવામાં આવેલ છે. જે અરજીમાં અરજદારશ્રી દ્વારા (૧) સુરત મહાનગરપાલિકા સંચાલીત સ્મીમેર ખાતે Blood Bank, Immunohematology & transfusion medicine department / transfusion medicine department ખાતે તા.૦૧/૦૧/૨૦૦૦ થી આજદીન સુધીના સમયગાળામાં નિયુકત અને કાર્યરત બધા જ પ્રોફેસર, એસોસીયેટ પ્રોફેસર, આસીસ્ટંટ પ્રોફેસર, ટયુટર, બી.ટી.ઓ. બ્લડ ટ્રાંસફયઝન ઓફિસર), બ્લડ બેન્ક ઓફિસર, મેડીકલ ઓફિસરના સંપૂર્ણ સમય ગાળા અને સંપૂર્ણ નામ સહીતની વિગતવાર માહિતીની આર.ટી.આઈ.એકટના નિયમાનુસાર જરૂરી કાગળોની પ્રમાણીત નકલોની માહિતી અમોને અમારા સરનામે પુરી પાડશોજી.(૨) મને જરૂર લાગ્યે આ અંગે standing committee, general board અને અન્ય લાગત સર્વે સમિતિઓ, મ્યુનિસીપલ કમિશનર અને સક્ષમ સ્તાધિશો દ્વારા આ અંગે કરવામાં આવેલા ઠરાવો, નિયમો, વિનિયમો, આદેશપત્રો, અરજીઓ, સર્કયુલર્સ તેની પહેલા, તે વખતે અને ત્યારબાદ તેના પર કરવામાં આવેલી દરેક કાર્યવાહીની ફાઈલો, પેપર, અરજીઓ, નોટીઈંગ, શેરા સહીતની સર્વે માહિતી, સીધા કે આડકતરી રીતે લાગુ પડતા હોય તેવા બધા જ ડોકયુમેંટસની રૂબરૂ ચકાસણી કરીશ અને જરૂર પડયે તેની પ્રમાણીત નકલો માંગીશ.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા પત્ર નં.સ્મીમેર કોલેજ/ આર.ટી.આઈ./આઉટ નં.૪૪૩૮, તા.૦૨/૦૧/૧૯ થી અરજદારશ્રીને સમય મર્યાદામાં નમુનો – ખ માં દસ્તાવેજી ફીનાં રૂા.૬૦/– ભરવા બાબતેનો પત્ર પાઠવવામાં આવેલ.ત્યારબાદ અરજદારશ્રી દ્વારા રસીદ નં.૧૦૨/૧, તા.૦૮/૦૧/૧૯ નાં રોજ સ્મીમેર કોલેજ ખાતે નકલ ફી નાં રૂા.૬૦/– ભરપાઈ કરેલ.જે અંગે અરજદારશ્રીએ પત્ર સ્મીમેર/ઈન.નં.૯૧૨૦, તા.૦૮/૦૧/૧૯ જમા કરાવેલ. જે ધ્યાને લઈ અત્રેથી અરજદારશ્રીને સ્મીમેર/આઉટ નં.૪૫૫૭, તા.૦૯/૦૧/૧૯ નાં પત્ર સાથે નકલ નંગ–૩૦ ટપાલ દ્વારા પહોંચતી કરવામાં આવેલ છે.

અરજદારશ્રી દ્વારા તા.૦૨/૦૨/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં " મુદ્દા નં.૧) અન્વયેની સંપૂર્ણ માહિતીની આર.ટી.આઈ.એકટના નિયમાનુસાર જરૂરી કાગળોની પ્રમાણીત નકલોની માહિતી અમોને અમારા સરનામે પુરી પાડેલી નથી. જે અમોને પુરી પાડશોજી." રજુઆત કરવામાં આવેલ છે.

જેથી અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ ધ્યાને લેતા, અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી અર્થે પત્ર પાઠવી તા.૨૮/૦૨/૧૯ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમય ફાળવવામાં આવેલ.જે રૂબરૂ સુનાવણીના પત્ર સંદર્ભે અરજદારશ્રી હાજર રહી " મુદ્દા નં.૧) સુરત મહાનગરપાલિકા સંચાલીત સ્મીમેર ખાતે Blood Bank, Immunohematology & transfusion medicine department / transfusion medicine department ખાતે તા.૦૧/૦૧/૨૦૦૦ થી તા.૩૧/૧૨/૨૦૦૭ સુધીનાં સમયગાળામાં નિયુકત અને કાર્યરત બધા જ પ્રોફેસર, એસોસીયેટ પ્રોફેસર, આસીસ્ટંટ પ્રોફેસર, ટયુટર, બી.ટી.ઓ. બ્લડ ટ્રાંસફયઝન ઓફિસર), બ્લડ બેન્ક ઓફિસર, મેડીકલ ઓફિસરના સંપૂર્ણ સમય ગાળા અને સંપૂર્ણ નામ સહીતની વિગતવાર માહિતીની આર.ટી.આઈ.એકટના નિયમાનુસાર જરૂરી કાગળોની પ્રમાણીત નકલોની માહિતી અમોને અમારા સરનામે પુરી પાડેલી નથી. જે અમોને પુરી પાડશોજી." એ મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા " તા.૦૧/૦૧/૨૦૦૦ થી તા.૩૧/૧૨/૨૦૦૭ સુધીનાં સમયગાળાનાં રેકર્ડ મળેલ છે. જેની નકલો પુરી પાડવામાં આવશે." તે મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ હકીકતો અવલોકનમાં લેતાં, અરજદારશ્રીને આપવા જોગ નકલો દિન – ૦૭(સાત) માં પુરી પાડવાની રહેશે.આથી પ્રથમ અપીલનો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

## હુકમ

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૬/૨૦૧૮–૧૯) અને તા.૨૮/૦૨/૧૯ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીની રજુઆત અને જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતા " અરજદારશ્રીને આપવામાં આવેલ નકલો પૈકી જે પત્રની નકલ આપવામાં ન આવી હોય, તે રેકર્ડ પરની ઉપલબ્ધ નકલો દિન – ૦૭(સાત) માં વિના મૂલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

નં. સ્મીમેર/આઉટ નં.
તા.   /૦૩/૨૦૧૯

પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

RIGHT TO INFORMATION

પ્રથમ અપીલ અરજી નં. ૦૭
તા.૦૭/૦૨/૨૦૧૯

**અરજદાર:–** શ્રી વિપુલભાઈ દેસાઈ / શ્રી જગદીશભાઈ પટેલ
**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૭, તા.૦૭/૦૨/૨૦૧૯.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં.૯૫, તા.૦૫/૦૧/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી.
(૨) અરજદારે સ્મીમેર/ઈન/નં.૧૦૩૧૫ તા.૦૭/૦૨/૨૦૧૯ થી કરેલ પ્રથમ અપીલ.
(૩) સ્મીમેર/૫૨૮૫, તા.૧૨/૦૨/૨૦૧૯ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૪) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**અરજદારની હકીકત :–**

અરજદારશ્રી વિપુલભાઈ દેસાઈ / શ્રી જગદીશભાઈ પટેલ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી જા.મા.અ. અને ડે.ઈજનેર (ઈસ્ટ ઝોન), સુ.મ.પા.થી સંપૂર્ણ તબદીલી થઈને અત્રે સ્મીમેર/ઈન/નં.૯૦૪૬, તા૦૫/૦૧/૧૯ થી મળેલ છે તથા સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલ પ્રાપ્ત થયેલ છે.

સંદર્ભ–(૩) થી પ્રથમ અપીલની અરજદારશ્રી રૂબરૂની મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ–(૪) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની મૂળ માહિતી માંગતી અરજી તા.૨૯/૧૨/૧૮ નાં રોજ ઈસ્ટ ઝોનમાં આઈ.ડી.નં.૧૧૩૬, તા.૨૯/૧૨/૧૮ થી નોંધાયેલ છે. જે અરજી ઈસ્ટ ઝોન દ્વારા તેઓનાં પત્ર નં. ઈસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૨૧૧૦, તા.૦૨/૦૧/૧૯ નાં રોજથી તબદીલ કરવામાં આવેલ છે. જે અરજીમાં અરજદારશ્રી દ્વારા (૧) વર્ષ ૨૦૧૨–૧૩ માં M.B.B.S. NRI Seat માં એડમીશન લીધેલ દેસાઈ ઈશાન આસિત દ્વારા ભરવામાં આવેલા ફોર્મની નકલો (૨) વર્ષ ૨૦૧૨–૧૩ માં M.B.B.S. NRI Seat માં એડમીશન લીધેલ દેસાઈ ઈશાન આસિત દ્વારા એડમીશન વખતે રજુ કરવામાં આવેલ Check લીસ્ટ તથા ચેકલીસ્ટ સાથે જોડેલ Documents ની નકલો (૩) વર્ષ ૨૦૧૨–૧૩ માં M.B.B.S. NRI Seat માં એડમીશન લીધેલ દેસાઈ ઈશાન આસિતને આપવામાં આવેલ એડમીશન લેટર તથા રજુ કરેલ એફીડેવિટ કોપી તથા ભરવામાં આવેલ ફી ની રસીદની નકલો (૪) સ્મીમેર હોસ્પિટલમાં કયારથી બાયોમેટ્રીક હાજરી સીસ્ટમ લગાવવામાં આવેલ છે તેની માહિતી (૫) છેલ્લા છ મહિનામાં બાયોમેટ્રીક હાજરી પત્રકના રેકર્ડની નકલોની માંગણી કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા પત્ર નં.સ્મીમેર કોલેજ/ આર.ટી.આઈ./આઉટ નં.૪૮૨૮, તા.૨૩/૦૧/૧૯ થી અરજદારશ્રીને સમય અવધિમાં અરજીના મુદ્દા નં.૧ થી ૩ સંદર્ભે વિદ્યાર્થી દ્વારા કોલેજ (સંસ્થા) ખાતે જમા કરાવેલ તમામ ડોકયુમેન્ટસ વિદ્યાર્થીની અંગત બાબત હોવાથી વિદ્યાર્થીને અત્રેથી પત્ર પાઠવી પૃચ્છા કરતા તેઓશ્રી દ્વારા ત્રાહિત વ્યકિતને માહિતી આપવા સંમત્તિ દર્શાવેલ ન હોય માંગેલ માહિતી ત્રાહિત વ્યકિતને લાગુ પડતી હોય આર.ટી.આઈ.ની કલમ–૮(૧) (જ) મુજબ પુરી પાડી શકાય તેમ નથી. જે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) અંગે માહિતી પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૫) અત્રેના સત્તા મંડળને લાગુ પડતું ન હોય પત્ર નં.સ્મીમેર/આઉટ/૪૮૨૭, તા.૨૩/૦૧/૧૯ થી અરજદારશ્રીની જાણ હેઠળ લાગત સત્તા મંડળને અંશતઃ અરજી તબદીલ કરવામાં આવેલ છે. જે તમામ હકીકતોએ અરજદારશ્રીને સમય–મર્યાદામાં પ્રત્યુત્તર / માહિતી પાઠવવામાં આવેલ છે.

અરજદારશ્રી દ્વારા તા.૨૯/૧૨/૨૦૧૮ થી દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં "આજ સુધીમાં સંપુર્ણ માહિતી આપેલ નથી. યોગ્ય માહિતી આપે તેવો હુકમ કરવા અને અપીલમાં રૂબરૂમાં હાજર રહેવાની તારીખ લેખિતમાં અગાઉથી જણાવવા." રજુઆત કરવામાં આવેલ છે.

જેથી અરજદારશ્રીની ઉપરોક્ત પ્રથમ અપીલ ધ્યાને લેતા, અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી અર્થે તા.૨૦/૦૨/૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે પત્ર પાઠવવામાં આવેલ છે.જે રૂબરૂ સુનાવણીના પત્ર સંદર્ભે અરજદારશ્રી હાજર રહી "મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ટાંકેલ કલમ ૮(૧) (જ) મુજબ માહિતી ન આપવા અંગેનો પ્રસ્તાવ લાગુ પડતો ન હોવાનું જણાવી માહિતી આપવાજોગ છે." એ મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા " ગુજરાત માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, આર.એન.દાસના ફરીયાદ નં.૪૨૯/૨૦૦૬–૦૭,૪૯૧/૦૬–૦૭ ના હુકમના આધારે અરજદારે વિદ્યાર્થીની માહિતી માંગેલ હોય અને વિદ્યાર્થી જાહેર સેવકો નથી અને તેમને સંબંધિત માહિતી સામાન્ય રીતે અંગત માહિતી કહી શકાય તે ધ્યાને લઈ તથા જે વિદ્યાર્થીની માહિતી માંગવામાં આવેલ છે (સલામતીના કારણોસર) તે વિદ્યાર્થીએ આ માહિતી જાહેર કરવા સંમત્ત નથી. જે ધયાને લઈને માહિતી આપવામાં આવેલ નથી." તે મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ હકીકતો અવલોકનમાં લેતાં, જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારશ્રીને કરવામાં આવેલ પ્રસ્તાવ યોગ્ય જણાતો હોય, અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જેથી અપીલ ચલાવવાપાત્ર જણાતી નથી,અને માંગેલ માહિતી અરજદારશ્રીને ઉક્ત હકીકતે પૂરી પાડવાનું ઉચિત જણાતું નથી. આથી પ્રથમ અપીલનો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૭/૨૦૧૮) નામંજૂર કરવામાં આવે છે, માંગેલ માહિતી અન્વયે પૂરી પાડવા જોગ રેકર્ડ પરની કોલેજ (સંસ્થા) ખાતે જમા કરાવેલ ડોકયુમેન્ટસની માહિતી વિદ્યાર્થીની અંગત માહિતી હોય, જે અંગે કલમ–૧૧(૧) થી નોટીસ આપતા નકારેલ હોય જેના કારણમાં સદર માહિતી કોલેજ (સંસ્થા)ના કામ અર્થે જ જમા કરાવેલ હોય, ત્રાહિતી વ્યકિતને પુરી પાડી શકાય તેમ ન હોય આવેલ અપીલ અરજી અંગે અત્રેથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાનો હુકમ કરવામાં આવે છે

નં. સ્મીમેર/આઉટ નં.
તા. /૦૨/૨૦૧૯

પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રથમ અપીલ અરજી નં. ૦૮
તા.૦૧/૦૩/૨૦૧૯

**અરજદાર:–** શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૮, તા.૦૧/૦૩/૨૦૧૯.**
**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૨૧૭૨, તા.૧૨/૧૨/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી. (સ્મીમેર/આઈ.ડી.નં.૯૧, તા.૧૫/૧૨/૨૦૧૮)
(૨) અરજદારે સ્મીમેર/ઈન/નં.૧૧૦૯૫, તા.૦૧/૦૩/૨૦૧૯ થી કરેલ પ્રથમ અપીલ.
(૩) સ્મીમેર/૫૭૩૨, તા.૦૮/૦૩/૧૯ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૪) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**અરજદારની હકીકત :–**

અરજદારશ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી મુળ આઈ.ડી.નં.૨૧૭૨, તા.૧૨/૧૨/૧૮ ની અરજી જા.મા.અધિકારી અને એકસીકયુટીવ આસી. દ્વારા પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/ આઉટ ૨૧૭૨, તા.૧૩/૧૨/૧૮ થી રીક્રુટમેન્ટ વિભાગમાં તબદીલ કરેલ. ત્યારબાદ રીક્રુટમેન્ટ વિભાગ દ્વારા આંશિક અરજી તબદીલ થઈ અત્રેનાં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સ્મીમેર/ઈન/નં.૮૪૬૭, તા.૧૫/૧૨/૧૯ નાં રોજ પ્રાપ્ત થયેલ છે.જે અત્રે આઈ.ડી.નં.૯૧ થી નોંધાયેલ છે.તથા સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલ પ્રાપ્ત થયેલ છે.

સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલની અરજદારશ્રી રૂબરૂની મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૩) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

મૂળ માહિતી માંગતી અરજીમાં અરજદારશ્રી દ્વારા (૧) સુરત મહાનગરપાલિકાની જાહેરાત પી.આર.ઓ. ૪૪૪/ ૨૦૧૮–૧૯, તા.૧૩/૧૧/૨૦૧૮ નાં સીરીયલ ક્રમાંક ૧ નાં પ્રોફેસર ઓફ Immunohematology & transfusion medicine તા.૩૦ નવેમ્બર ૨૦૧૮ નાં રોજ સુરત મહાનગરપાલિકા ખાતે આયોજીત ઈંટર્વ્યુ બાબતે રજુ કરવામાં આવેલી અરજીઓ તેની પહેલા, તે વખતે અને ત્યારબાદ તેના પર કરવામાં આવેલી દરેક કાર્યવાહીની ફાઈલો, પેપર, અરજીઓ, નોટીઈંગ, શેરા સહીતની સર્વે માહિતી, સીધી કે આડકતરી રીતે લાગુ પડતા હોય તેવા બધા જ ડોકયુમેંટસની રૂબરૂ ચકાસણી માટે અમોને સમય ફાળવી તેની અગાઉથી સમયસર લેખિતમાં અમોને જાણ આપશોજી.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા પત્ર નં.સ્મીમેર/૪૪૪૧,તા.૦૨/૦૧/૧૯, ૪૫૫૦, તા.૦૯/૦૧/૧૯ અને ૪૮૨૩, તા.૨૨/૦૧/૧૯ થી અરજદારશ્રીને ત્રણ વખત રૂબરૂ રેકર્ડ ચકાસણી અર્થે બોલાવવામાં આવેલ, પરંતુ અરજદાર અત્રેની કચેરીએ હાજર રહેલ નથી. જેથી પત્ર નં.સ્મીમેર કોલેજ/ આર.ટી.આઈ./આઉટ નં.૫૦૦૯, તા.૩૧/૦૧/૧૯ થી અરજદારશ્રીને નમુનો – ગ માં નિયત સમય મર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

અરજદારશ્રી દ્વારા તા.૦૧/૦૩/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં " અમોને માહિતી મેળવવામાં રસ ન હોવાનુ અમોએ કયારેય જણાવેલુ જ નથી. અમોને અમારા દ્વારા માંગવામાં આવેલા રેકોર્ડની ચકાસણી કરવા દેવાના આર.ટી.આઈ.ના કાયદા હેઠળ અમોને અમારા હકથી વંચિત રાખવામાં આવેલા છે. " તે મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

જેથી અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ ધ્યાને લેતા, અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી અર્થે પત્ર પાઠવી તા.૧૪/૦૩/૧૯ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમય ફાળવવામાં આવેલ.જે રૂબરૂ સુનાવણીના પત્ર સંદર્ભ અરજદારશ્રી

હાજર રહી " અમારી તા.૦૧/૦૩/૧૯ ની અપીલ અધિકારીશ્રી સ્મીમેર સુરતને રજુઆત મુજબ રેકર્ડ ચકાસણી અને નિયમાનુસાર કાર્યવાહી થવા " એ મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા " ત્રણ વખત રેકર્ડ નિરીક્ષણ માટે અરજદારને જાણ કરવામાં આવેલ છે. તેમછતાં નિરીક્ષણ અંગે હુકમ કરવામાં આવશે તો તે મુજબ અરજદારને જાણ કરવામાં આવશે " તે મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ હકીકતો અવલોકનમાં લેતાં, નિયમોનુસાર પ્રથમ અપીલ અરજી અન્વયે નિરીક્ષણ આપવા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

## હુકમ

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૮/૨૦૧૮–૧૯) અને તા.૧૪/૦૩/૧૯ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીની રજુઆત અને જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતા " અરજદારશ્રીને વધુ એક તક આપી નિયમોનુસાર રેકર્ડ નિરીક્ષણ પુર પાડવા અને રેકર્ડ નિરીક્ષણ દરમ્યાન નિર્દિષ્ટ કર્યા મુજબની માહિતીની નકલ માટે દસ્તાવેજી ફી વસુલ લઈ, અરજદારશ્રીને માહિતી / નકલ પુરી પાડવા જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને હુકમ કરવામાં આવે છે."

નં. સ્મીમેર/આઉટ નં.
તા. /૦૩/૨૦૧૯

પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રથમ અપીલ અરજી નં. ૦૯
તા.૦૧/૦૩/૨૦૧૯

**અરજદાર:–** શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૯, તા.૦૧/૦૩/૨૦૧૯.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૨૧૭૦, તા.૧૨/૧૨/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી. (સ્મીમેર/આઈ.ડી.નં.૯૨, તા.૧૫/૧૨/૨૦૧૮)
(૨) અરજદારે સ્મીમેર/ઈન/નં.૧૧૦૯૪, તા.૦૧/૦૩/૨૦૧૯ થી કરેલ પ્રથમ અપીલ.
(૩) સ્મીમેર/૫૭૩૩, તા.૦૮/૦૩/૧૯ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૪) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**અરજદારની હકીકત :–**

અરજદારશ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી મુળ આઈ.ડી.નં.૨૧૭૦, તા.૧૨/૧૨/૧૮ ની અરજી જા.મા.અધિકારી અને એકસીકયુટીવ આસી. દ્વારા પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/ આઉટ ૨૧૭૦, તા.૧૩/૧૨/૧૮ થી રીક્રુટમેન્ટ વિભાગમાં તબદીલ કરેલ. ત્યારબાદ રીક્રુટમેન્ટ વિભાગ દ્વારા આંશિક અરજી તબદીલ થઈ અત્રેનાં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સ્મીમેર/ઈન/નં.૮૪૬૮, તા.૧૫/૧૨/૧૯ નાં રોજ પ્રાપ્ત થયેલ છે.જે અત્રે આઈ.ડી.નં.૯૨ થી નોંધાયેલ છે.તથા સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલ પ્રાપ્ત થયેલ છે.

સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલની અરજદારશ્રી રૂબરૂની મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૩) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

મૂળ માહિતી માંગતી અરજીમાં અરજદારશ્રી દ્વારા (ક) **સુરત મહાનગરપાલિકા સંચાલીત સ્મીમેર ખાતે** Immunohematology & transfusion medicine department / transfusion medicine departmen **ની રચના કરવામાં આવેલી છે કે કેમ.(ખ) જો રચના કરવામાં આવેલી હોય તો તેની રચના કરવા અંગે** standing committee, egneral board **અને અન્ય લાગત સર્વે સમિતિઓ, મ્યુનિસીપલ કમિશનર અને સક્ષમ સ્તાધિશો દ્વારા આ અંગે કરવામાં આવેલા ઠરાવો, નિયમો, વિનિયમો, આદેશપત્રો, અરજીઓ, સકર્યુલર્સ તેની પહેલા, તે વખતે અને ત્યારબાદ તેના પર કરવામાં આવેલી દરેક કાર્યવાહીની ફાઈલો, પેપર, અરજીઓ, નોટીઈંગ, શેરા સહીતની સર્વે માહિતી, સીધા કે આડકતરી રીતે લાગુ પડતા હોય તેવા બધા જ ડોકયુમેંટસની રૂબરૂ ચકાસણી માટે અમોને સમય ફાળવી તેની અગાઉથી સમયસર લેખિતમાં અમોને જાણ આપશોજી.(ગ) સુરત મહાનગરપાલિકા સંચાલીત સ્મીમેર ખાતે** Blood Bank, Immunohematology & transfusion medicine department / transfusion medicine department **ની અંગે** standing committee, egneral board **અને અન્ય લાગત સર્વે સમિતિઓ, મ્યુનિસીપલ કમીશનર અને સક્ષમ સ્તાધિશો દ્વારા આ અંગે કરવામાં આવેલા ઠરાવો, નિયમો, વિનિયમો, આદેશપત્રો, અરજીઓ, સકર્યુલર્સ તેની પહેલા, તે વખતે અને ત્યારબાદ તેના પર કરવામાં આવેલી દરેક કાર્યવાહીની ફાઈલો, પેપર, અરજીઓ, નોટીઈંગ, શેરા સહીતની સર્વે માહિતી, સીધા કે આડકતરી રીતે લાગુ પડતા હોય તેવા બધા જ ડોકયુમેંટસની રૂબરૂ ચકાસણી માટે અમોને સમય ફાળવી તેની અગાઉથી સમયસર લેખિતમાં અમોને જાણ આપશોજી.**

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા પત્ર નં.સ્મીમેર/૪૪૪૨,તા.૦૨/૦૧/૧૯, ૪૫૪૯, તા.૦૯/૦૧/૧૯ અને ૪૮૨૪, તા.૨૨/૦૧/૧૯ થી અરજદારશ્રીને ત્રણ વખત રૂબરૂ રેકર્ડ ચકાસણી અર્થે બોલાવવામાં આવેલ, પરંતુ અરજદાર અત્રેની કચેરીએ હાજર રહેલ નથી. જેથી પત્ર નં.સ્મીમેર કોલેજ/ આર.ટી.આઈ./આઉટ નં.૫૦૧૦, તા.૩૧/૦૧/૧૯ થી અરજદારશ્રીને નમુનો – ગ માં નિયત સમય મર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

અરજદારશ્રી દ્વારા તા.૦૧/૦૩/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં " અમોને માહિતી મેળવવામાં રસ ન હોવાનુ અમોએ ક્યારેય જણાવેલુ જ નથી. અમોને અમારા દ્વારા માંગવામાં આવેલા રેકોર્ડની ચકાસણી કરવા દેવાના આર.ટી.આઈ.ના કાયદા હેઠળ અમોને અમારા હકથી વંચિત રાખવામાં આવેલા છે. " તે મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

જેથી અરજદારશ્રીની ઉપરોક્ત પ્રથમ અપીલ ધ્યાને લેતા, અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી અર્થે પત્ર પાઠવી તા.૧૪/૦૩/૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમય ફાળવવામાં આવેલ.જે રૂબરૂ સુનાવણીના પત્ર સંદર્ભે અરજદારશ્રી હાજર રહી " અમારી તા.૦૧/૦૩/૧૯ ની અપીલ અધિકારીશ્રી સ્મીમેર,સુરતને રજુઆત મુજબ રેકર્ડ ચકાસણી અને નિયમાનુસાર કાર્યવાહી થવા " એ મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા " ત્રણ વખત રેકર્ડ નિરીક્ષણ માટે અરજદારને જાણ કરવામાં આવેલ છે. તેમછતાં નિરીક્ષણ અંગે હુકમ કરવામાં આવશે તો તે મુજબ અરજદારને જાણ કરવામાં આવશે " તે મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ હકીકતો અવલોકનમાં લેતાં, નિયમોનુસાર પ્રથમ અપીલ અરજી અન્વયે નિરીક્ષણ આપવા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૯/૨૦૧૮–૧૯) અને તા.૧૪/૦૩/૧૯ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીની રજુઆત અને જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતા " અરજદારશ્રીને વધુ એક તક આપી નિયમોનુસાર રેકર્ડ નિરીક્ષણ પુર પાડવા અને રેકર્ડ નિરીક્ષણ દરમ્યાન નિર્દિષ્ટ કર્યા મુજબની માહિતીની નકલ માટે દસ્તાવેજી ફી વસુલ લઈ, અરજદારશ્રીને માહિતી / નકલ પુરી પાડવા જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને હુકમ કરવામાં આવે છે."

નં. સ્મીમેર/આઉટ નં.
તા. /૦૩/૨૦૧૯

પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રથમ અપીલ અરજી નં. ૧૦
તા.૧૧/૦૩/૨૦૧૯

**<u>અરજદાર:–</u>** શ્રી જસવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ

**<u>સામાવાળા:–</u>** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૧૦, તા.૧૧/૦૩/૨૦૧૯.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ સ્મીમેર/આઈ.ડી.નં.૯૭, તા.૦૨/૦૨/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી.
(૨) અરજદારે સ્મીમેર/ઈન/નં.૧૧૪૫૫, તા.૧૧/૦૩/૨૦૧૯ થી કરેલ પ્રથમ અપીલ.
(૩) સ્મીમેર/૫૯૦૯, તા.૧૬/૦૩/૧૯ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૪) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**<u>અરજદારની હકીકત :–</u>**

અરજદારશ્રી જસવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી અત્રેનાં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સ્મીમેર/ઈન/નં.૧૦૧૨૯, તા.૦૨/૦૨/૧૯ નાં રોજ પ્રાપ્ત થયેલ છે.જે અત્રે આઈ.ડી.નં.૯૭ થી નોંધાયેલ છે.તથા સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલ પ્રાપ્ત થયેલ છે.

સંદર્ભ–(૨) થી પ્રથમ અપીલની અરજદારશ્રી રૂબરૂની મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૩) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

મૂળ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.(૧) થી (૫) અન્વયે અરજદારશ્રી દ્વારા (૧) આપની અરજી સાથે સામેલ દૈનિક અખબાર ના અહેવાલ પ્રસિધ્ધ થયેલ પ્રકરણ સંબંધિત, સુરત મ્યુ.ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (સ્મીમેર) માં ફરજ બજાવતા આસી. પ્રોફેસર વિરૂદ્ઘ મેડીકલેમ કૌભાંડ અંગે મળેલ ફરિયાદ, થયેલ કાર્યવાહી અને આપની કચેરીમાં થયેલ નોંધ, નોટીંગ, સેકશન રીપોર્ટીગ સહિતની વિગતવાર માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી. (૨) આ કામના આરોપી વિરુદ્ર સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતવાર માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી. (૩) આ કામના આરોપી વિરુદ્ઘ સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો તે અંગેની જોગવાઈ સહિતની વિગતવાર માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી. (૪) આ કામના આરોપી વિરુદ્ઘ કાર્યવાહી ન કરવા અંગે આપની કચેરી કે વિભાગને મળેલ ભલામણ, અને તે અન્વયે થયેલ કાર્યવાહીની વિગતવાર માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી. (૫) આ કામના આરોપીની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવેલ ત્યારબાદ આરોપી દ્વારા લેવામાં આવેલ જામીન બાદ સુ.મ.ન.પા. દ્વારા કરવામાં આવેલ નકકર કાર્યવાહીની વિગતવાર માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા પત્ર નં.સ્મીમેર કોલેજ/ આર.ટી.આઈ./આઉટ નં.૫૫૧૩, તા.૨૫/૦૨/૧૯ થી અરજદારશ્રીને નમુનો – ગ માં નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

અરજદારશ્રી દ્વારા તા.૧૧/૦૩/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં " અમારી તા.૦૨/૦૨/૧૯ ની અરજી નમુનો – ક માં માહિતી મેળવવા અંગેની અરજી સંદર્ભે મુદ્દા નં.(૧) થી (૫) માટે સદર જા.મા.અધિકારીએ માંગેલ માહિતી પુરી પાડેલ નથી. " તે મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

જેથી અરજદારશ્રીની ઉપરોક્ત પ્રથમ અપીલ ધ્યાને લેતા, અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી અર્થે પત્ર પાઠવી તા.૨૫/૦૩/૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમય ફાળવવામાં આવેલ.પરંતુ સદર તારીખે અરજદાર દ્વારા અત્રેની કચેરીએ ટેલીફોનીક દ્વારા જાણ કરી બીજો સમય ફાળવવા જણાવેલ. ત્યારબાદ અપીલ અધિકારીશ્રી દ્વારા અરજદારને મોબાઈલ નંબર ૫ર મેસેજથી તા.૨૬/૦૩/૧૯ નાં રોજ રૂબરૂ સુનાવણીમાં બપોરે – ૧૨:૦૦ વાગે હાજર રહેવા

જણાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદારશ્રી હાજર રહી " અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી વિશાળ હોય, હીતમાં અને આ કામનાં આરોપી શ્રીમતી ઈન્દિરા ખેડકર વિરૂધ્ધ કાનુની કાર્યવાહી ઝડપી થાય તે અંગે માંગેલ માહિતી મળે તો ન્યાયનાં હીતમાં ઉકત વિષયમાં થયેલ ખુબ મોટો ભ્રષ્ટાચાર ઉજાગર થઈ શકે છે. જેથી માંગેલ માહિતી કાયદાની કલમ –૭(૬) હેઠળ વિના મૂલ્યે પુરી પડાવા ન્યાયના હીતમાં હુકમ કરશો " એ મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા " અરજદારને માંગેલ માહિતી સંદર્ભે કરવાની કાર્યવાહી માટેના પુરાવા સક્ષમસત્તા દ્વારા નિર્ણય પ્રમાણે પુરતા ના હોવાના કારણે અને પોલીસ સત્તા મંડળ દ્વારા પુરા પાડવામાં આવેલ કાગળો મળ્યા બાદ સક્ષમસત્તા પાસે નિર્ણય લેવા કાગળો રજુ કરવામાં આવેલ છે. પરંતુ નિર્ણય લેવામાં આવેલ ન હોય માહિતી પુરી પાડવામાં આવેલ નથી. " તે મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ હકીકતો અવલોકનમાં લેતાં નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

## હુકમ

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૧૦/૨૦૧૮–૧૯) અને તા.૨૬/૦૩/૧૯ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીની રજુઆત અને જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતા "પોલીસ સત્તા મંડળ દ્વારા અત્રે પુરા પાડવામાં આવેલ, માહિતી / દસ્તાવેજી નકલો અરજદારશ્રીને પુરી પાડવા જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને હુકમ કરવામાં આવે છે.વધુમાં અત્રેની સક્ષમસત્તા પાસે નિર્ણય લેવા કાગળો રજુ કરવામાં આવેલ છે. પરંતુ નિર્ણય લેવામાં આવેલ ન હોય, સદર માહિતી નિર્ણય / હુકમ થયેથી આપી શકાય તેમ હોય, હાલ પૂરી પાડવાની રહેતી નથી."

(આર.આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

નં. સ્મીમેર/આઉટ નં.
તા. /૦૩/૨૦૧૯

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.